UNITED FILM ORGANIZERS

PUBLICATION : DIVYA BHASKAR; EDITION : MUMBAI; DATE : NOVEMBER 23, 2005

# ટેકનોલોજીની કરામત : હવે ફિલ્મો સેટેલાઈટથી સીધી થિયેટરમાં રિલીઝ થશે

ભાસ્કર ન્યૂઝ

મુંબઈ, ૨૨ નવેમ્બર. અનિલ અંબાણીને પગલે વધુને વધુ કોર્પોરેટ ગૃહ હવે એન્ટરટેઈનમેન્ટ (મનોરંજન) ક્ષેત્રે પ્રવેશી રહ્યાં છે. ટાયરના ઉત્પાદન ક્ષેત્રે નામાંકિત એપોલો ગ્રુપ હવે મનોરંજન ક્ષેત્રે પ્રવેશવાની યોજના ધરાવે છે અને આગામી વર્ષોમાં રૂ.૩૦૦ કરોડનું રોકાણ કરવા ધારે છે.

એપોલો ગ્રુપે મનોરંજન ક્ષેત્રે પ્રવેશવા વેલ્યુએબલ મિડિયા પ્રા. લિ.ની સ્થાપના કરી હોવાનું જણાવીને ગ્રુપ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ઓ.એસ. કંવરે ઉમેર્યું હતું કે માર્ચ ૨૦૦૬ સુધીમાં કંપની રૂ. ૮૦ કરોડનું મૂડીરોકાણ કરશે. આ રોકાણ યુએફઓ મુવિઝ હેઠળ કરાશે. રૂ. ૮૦ કરોડમાં ૫૦૦ ડિજિટલ મુવી હોલ સ્થાપવાનો પણ સમાવેશ થાય છે.

યુએફઓ મુવિઝના સીઈઓ અને

## મનોરંજન ક્ષેત્રે એપોલો ગ્રુપ ત્રણસો કરોડનું રોકાણ કરશે

એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંજય ગાયકવાડે જણાવ્યું હતું કે ભારતીય ફિલ્મોના ઈતિહાસમાં પ્રથમવાર વિતરકો અને સિનેમા માલિકો ભારતીય દર્શકો માટે ૨૦૦૦ જેટલા હોલમાં 'ફર્સ્ટ' ડે ફર્સ્ટ શો'ની રજૂઆત કરી શકે તેવું નેટવર્ક અમે ઉભું કર્યું છે. કંપની સેટેલાઈટની મદદથી સીધે સીધા સિનેમા હોલમાં ડિજિટલી માસ્ટર્ડ હાઈ ક્વોલિટી મુવી ઈમેજીસ પૂરી પાડશે, જેથી પ્રિન્ટ પર વધારાના કોઈ ખર્ચ વિના વ્યાપક રજૂઆતનો અને સાથોસાથ ફિલ્મોના દર્શકોને ફિલ્મ જોવાનો અનેરો આનંદ મળી શકશે. કંપની વર્તમાન વિતરક, નિર્માતાના માળખાને ખલેલ પહોંચાડ્યા વિના ફ્રેન્ચાઈઝી કરાર હેઠળ નેટવર્ક ઊભું કરવા ધારે છે. કંપનીએ તેની કામગીરીનો વ્યાપ માત્ર ભારત પૂરતો મર્યાદીત રાખ્યા વીના યુરોપ, રશિયા, મોરેશિયસ, યુએઈમાં પણ વિસ્તાર્યો છે. આ દેશોમાં ભારતીય ફિલ્મોની સારી માગ રહી છે અને કંપની તેનો લાભ ઉઠાવવા ઈચ્છે છે.

બોલીવુડ...



એપોલો ગ્રુપના ચેરમેન ઓ.એસ.કંવરની સાથે ફિલ્મ ડાયરેક્ટર અને પ્રોડ્યુસર યશ ચોપરા અને યુએફઓ મુવિઝના ડિરેક્ટર રાજા કંવરે મંગળવારે નવા રોકાણની જાહેરાત કરી હતી.